





'કિસ્સા' વિનાના પણ અહીં હવાના ટેકે અગે છે,
જૂઠ, દંભ છળ છે રગે, ને દગો પગે પગે છે
ઠગે નજીક આવી, ડગે ડગે કાપવાની વૃત્તિ -
દોર હોય કોઇના હાથમાં છતાં જગે ચગે છે.




કોઇ ની ઢીલે,
ઉડે વગે ને ચગે -
આત્મા ને ઠગે..
(દંભી પતંગો)

પવન પડે,
તક સાધુ પતંગો -
ખાય ગૂંલાંટ..
(પક્ષ પલ્ટુ પતંગો)

## ચિંતન

**દ્વાત્રિંશ દ્દશન દ્વે વિપ્રમધ્યે ભ્રમસિ નિત્યશઃ । તદિદં શિક્ષિતં કેન જિહ્વે સંચાર કૌશલં ॥**
**વિધાતુરાણાં ન સુખં ન નિદ્રા ક્ષુધા તુરાણાં ન રૂમિર્ન વેલા ॥**

અહીં વાચ્યાર્થમાં તો જાણે જીભની વાત કરી હોય એવું જણાય છે પણ જીભની પરિસ્થિતિમાં રહેલા કુશળ-હોંશિયાર-ચતુર વ્યક્તિ તરફ નિર્દેષ છે :

'હે જીભ! બત્રીસ અણીદાર દાંતરૂપી શત્રુઓ વચ્ચે પણ તું સતત-ચોવીસ કલાક તેં પોતાની જાતને સાચવીને કુશળતા પૂર્વક હેમખેમ રીતે હરવા ફરવાની કુશળતા કેળવી છે. એવું કૌશલ્ય તેં કયાંથી-કેવી રીતે પ્રાપ્ત કર્યું છે?!'

સંસાર વ્યવહારમાં કેટલાંય અનિષ્ટ તત્ત્વો, દુષ્ટો, ખરાબ સ્વભાવના લોકો વ્યસનો સાથેનું દુષિત વાતાવરણ - આપણી આસપાસ રહેલું જ છે. પરંતુ જે લોકો સજ્જન સંસ્કારી અને સંયમી છે તે કોઇ પણ પ્રકારના દુષણો પણ પોતાની જાતને સાચવી-બચાવી સુરક્ષિત અને પવિત્ર રાખી શકે છે. સંસ્કાર-સત્સંગ એમને આવું કૌશલ્ય આપે છે.

## સુવિચાર

- મેં જીવનમાં જોયું છે કે પત્ની, પુત્ર, ભાઇઓ કે સાથીદારો દગો દે છે.. પણ પુસ્તકો, પુરુષાર્થ કદી દગો દેતા નથી - **કાન્તિ ભટ્ટ**
- તમારા પુરુષાર્થમાં ધારદાર અને પ્રામાણિક રહો તો ઇશ્વર તમને મદદ કરે છે. તમામ પ્રતિકૂળ સંયોગો ભવિષ્યમાં અનુકૂળ સ્થિતિ પ્રાપ્ત કરવાની પ્રથમ શરતરૂપે મળે છે - **માનસસૂત્ર**
- લોકોની નિષ્ફળતાના અભ્યાસ પરથી કહી શકાય કે તેઓ પુરુષાર્થ કરતાં થાક્યા હતા. પછી કંઇક માનસિક સમતુલન ગુમાવી બીમાર પડ્યા અને પછી નિષ્ફળ ગયા - **આઇન્ટાઇન**
- માનવીને સતત પ્રવૃત્તિ અને રોજિંદું કામ ગુણીયલ રાખે છે, પણ જો માણસ કોઇ ઉધમનું મહેનતનું થોડુંક કામ પણ ન કરે તો તે બદતમીઝ થઇ જાય છે - **સ્પિનોઝી**
- ભલે ફીલોસોફરો ઠોકીને કહ્યા કરે કે વર્તમાનમાં જીવો પણ આવતીકાલ ઊજળી ન હોય તો વર્તમાનમાં કેમ આનંદ લઇ શકાય - **અમૃતબિંદુ**
- જળમાં ભરેલા સરોવરમાં કમળો શોભે છે તેમ સદાચારના સરોવરમાં સંયમ ના કમળો શોભે છે - **સંત વિઠોબા**
- જેણે બાળપણમાં વિદ્યા ભણી નથી, યુવાનીમાં ધન પ્રાપ્ત કર્યું નથી, અને પ્રૌઢાવસ્થામાં તપશ્ચર્યા કરી નથી તે વૃદ્ધાવસ્થામાં શું કરશું? - **કૌટિલ્ય**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ પક્ષોમાં સભ્યોની ભરતી ઝૂંબેશ ચાલે છે પક્ષ-સિદ્ધાંત-એવા કાર્ય જોયા વગર 'માથાં'ને 'સંખ્યા' વધારવી છે - એવી જ રીતે 'નિશાળો' માં હાજરી સંખ્યા અને સંપ્રદાયોમાં અનુયાયી સંખ્યામાં 'ઘેટાં'નો પ્રવાહ શરૂ થયા છે. શ્રદ્ધા-વિશ્વાસ વિના સમજ વિના 'હંમ ભી ડીચ' જેવો તાલ છે. નાક કપાવી બધા ભગવાનના 'દર્શન' કરે છે.

બૌધ ધર્મમાં મોટા સંત ગુરુ લીનના આશ્રમમાં લગભગ દસ હજાર શિષ્યો એક વિશાળ નગરની જેમ શિસ્તબદ્ધ રહેતા હતા. ખાવા-પીવાની સુંદર સુવિધા હતી. અંબાજી પગપાળા જાય ને મળે એવી - અને ધનિક સંપ્રદાય જેમ રોજ શીરા-પુરી ખાવા પીવાના સમયે પડાપડી થતી પણ સત્સંગ સભામાં ગણ્યા-ગાંઠ્યા નિયમિત સભ્યો હાજર રહેતા.

એક વાર રાજા, લીનના આશ્રમની મુલાકાતે આવ્યા. વિશાળ આશ્રમ અને સભ્ય સંખ્યા જોઇ રાજા ખૂબ પ્રવાવિત થયા. રાજાએ મહાન ગુરુ લીનને પૂછ્યું આપના શિષ્યોની ખરેખર સંખ્યા કેટલી હશે?

ગુરુએ ગર્ભિત સ્મિત સાથે કહ્યું - જો સાચું પૂછો તો - અને હું સાચું કહું તો - 'માંડ ચારથી પાંચ'

રાજા શાનમાં સમજી ગયો.'

Email - sureshchandrabhatt18@gmail.com

# શિક્ષક ત્યારે ગૌરવશાળી બને છે જયારે રાષ્ટ્ર ગૌરવશાળી બને છે અને રાષ્ટ્ર ગૌરવશાળી ત્યારે બને છે જયારે તે જીવન મૂલ્યો અને પરંપરાઓનું નિર્વહન કરવામાં સક્ષમ અને સફળ બનશે, એ સફળ ત્યારે બનશે જયારે એક શિક્ષક પોતાનું ઉત્તરદાયિત્વ સારી રીતે નિભાવશે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

'કઇ મીલ રેત કે કાટકર કોઇ મૌજ ફુલ કો ખિલા ગઇ;
કોઇ પેડ પ્યાસ સે મર રહા હૈ, નદી કે પાસ ખડા હુઆ'
- બશીરબદ્ર

ગાંધીનગરમાં પણ પ્રવાસી ભારતીય દિવસ અને વાઇબ્રન્ટ સમિટના પગલે એટલા પરદેશી પંખી જેવા પ્રવાસીઓ અને ઉદ્યોગપતિ ઉતરી આવ્યા છે. વીસ-બાવીસ વર્ષના જુવાનીયાથી માંડીને મોડી ઉંમરના મહેમાનોથી ગાંધીનગર ધન્ય બન્યું છે. જોવાની ખૂબી એ છે કે આ સમિટમાં વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાંત યુવાનો મોટી સંખ્યામાં છે. મહાત્મા મંદિરમાં જયાં લબર મુછિયા આંખોમાં સ્વપ્ના આંજી સફળતાના આકાશમાં ડગલાં માંડી રહ્યાં છે. ત્યાં બરાબર મહાત્મા મંદિરની સામે બગીચામાં કોલેજના બહાને રખડતા કેટલાંય છોકરાં-છોકરીઓ તડકામાં શેક લેતા કોઇ લક્ષ્ય કોઇ દિશા વગરના પણ બેસે છે.

પહેલાં ઉડવા માટે ખોબા જેવડું આકાશ મળતું આજે તો જાણે બ્રહ્માંડના દરવાજા ખુલી ગયા છે. છતાં એક મોટો ચોક્કસ યુવા વર્ગ હજીયે જુના ચશ્માથી જ દુનિયાને જુએ છે કેમ?

થોડા વખત પહેલાં રૂદણ ગામમાં સરકારી શાળામાં આચાર્ય તરીકે મેં કામ કર્યું. અમારી કુમાર શાળા અને બાજુમાં જ કન્યા શાળા. મારી પે સેન્ટર સ્કૂલ. એટલે આજુબાજુની દસ બાર સ્કૂલોમાં મુખ્ય એક દિસ સવારે હું હજી તો શાળામાં પ્રવેશી ત્યાં જોયું તો મારી ઓફિસમાં વીસ-પચ્ચીસ માણસોનું ટોળું! અંદર જઇને જોયું તો ગામના સરપંચ, ઉપસરપંચ સહિત બીજા ઘણાં આગેવાનો ભેગા થઇને આવ્યાં હતા. અને કન્યાશાળાના શિક્ષકને હાજર કરવા માટે ગુસ્સાથી એક સાથે હોકારા-પડકારા કરતા હતા. મેં પહેલાં તો બધાયને શાંતિથી બેસાડ્યા કારણ પુછ્યું! તેઓ એ ફરિયાદ કરી કે, 'એ શિક્ષકે અમને 'બગદો' (કચરો) કહ્યાં. 'ગઇ કાલે અમે પાણીની પાઇપનું નિરીક્ષણ કરવા આવ્યાં ત્યારે તેણે એમ કહ્યું કે, 'આ બગદો કયાંથી આવ્યો?' એટલે અમે તો તેને શિક્ષા કરવાના તે અમને આવું કહી જ કેમ શકે? આ થઇ એક પક્ષની વાત. મેં પેલા શિક્ષકને બાજુની શાળામાંથી બોલાવ્યા. તે શિક્ષક સાથે તેમના ટેકેદારો બે-પાંચ આવી ગયાં. અને કોલાહલ! કશું જ સંભળાય નહિ. ફરીથી હાથ જોડી બધાંને શાંત પાંડ્યા. શિક્ષકને પુછ્યું, 'શું હતું? ભાઇ!' તે શિક્ષકે જે જવાબ આપ્યો તે પ્રમાણે તેણે વર્ગની એક છોકરી પાસે ગલ્લેથી મસાલો મંગાવ્યો. છોકરીએ મસાલાની પડીકી સાહેબના હાથમાં આપી. સાહેબે પડીકી ખોલી તો તેમાં સોપારીની સાથે થોડું કચરું હતું. એટલે તેણે છોકરીને કહ્યું કે, 'આ બગદો કયાંથી આવ્યો?' બરાબર એ સમયે સરપંચ અને બીજા બે ત્રણ જણ પાણીની પાઇપ જોવા આવેલાં. જો કે એમણે તો આ વાત સાંભળી પણ નહોતી. છોકરીએ ઘરે જઇને પપ્પાને વાત કરી, 'પપ્પા, તમે સવારે સરપંચની સાથે આવ્યા હતા ત્યારે સાહેબે તમને 'બગદો' કહ્યાં!'

બસ આખુંય રમમાણ આ વાતનું હતું. પણ શિક્ષકનો જવાબ સાંભળીને હું હેતબાઇ ગઇ. હૈયું બે ધબકાર ચૂકી ગયું. પરંતુ પછી તો પેલા ભાઇએ સોગન ખાઇને કહ્યું કે, 'મેં આગેવાનોને બદલો નહોતા કહ્યાં.' માફી માંગી. મેં પણ સરપંચ સાહેબને સમજાવ્યા કે, 'માણસ છે બોલાઇ જાય.' અને કાફલો વિખરાયો. પણ હું વિચલિત થઇ ગઇ. કેમ? તને શું લાગે છે સખી? આ આખીયે વાતમાં ખરેખર ઝઘડો શેનો હોવો જોઇતો હતો? એક શિક્ષક પ્રાથમિક કક્ષાની વિદ્યાર્થીની પાસે ખાવાનો મસાલો તે પણ ગલ્લેથી મંગાવે તે યોગ્ય છે? છોકરીના પિતાની પહેલી ફરિયાદ ખરેખર કઇ હોવી જોઇએ? સરપંચ જે ગામના આગેવાન છે તેમને શિક્ષકની કઇ હરકત માટે આંખ લાલ કરવી જોઇએ?

મને સમજાતુ નથી; આ કેવા પ્રકારનું ટિચીંગ અને પેરેન્ટીંગ આપણે કરી રહ્યાં છીએ? ગુરુ-શિષ્ય પરંપરા વખતે ચંદ્રગુપ્ત જેવાં વિદ્યાર્થીઓની દેશ ભર્યો ભર્યો હતો. તેમનાં લક્ષ્ય અને લક્ષ્ય પ્રત્યેની ગતિ અવિરત અને સાર્થક હતી. કારણ કે ગુરુઓનું આચરણ આદર્શ અને ઉત્તમ હતું. તેમની કથની અને કરણી સમાન રહેતાં. ગુટખા ચાવતાં ચાવતાં વિજ્ઞાનના પાઠ ભણાવતાં શિક્ષકો અબ્દુલ કલામ પેદા ન કરી શકે. આ એક વ્યવસાય એવો છે જેમાં આપણને હાઇડ્રોજન જેવું બાળ માનસ સોંપવામાં આવે છે. શિક્ષકે તે હાઇડ્રોજનમાંથી ધારે તો પરમાણું બૉંબ જે એક્સપ્લોઝિવ યુવાનો ઘડે અને ધારે તો તેની ઉર્જાના અજવાળાથી વિશ્વ પ્રકાશમય બને તેવાં વિવેકાનંદ ઘડી શકે.

વાત માત્ર શિક્ષકોની નથી. માતા-પિતા પણ અહીં જવાબદારીમાંથી છટકી ન શકે? બાળક પાસે શાળાની સાફ-સફાઇ કરાવી હોય તો તરત વિરોધ થાય. 'અમે ઘરે પણ એની પાસે કામ નથી કરાવતાં ને તમે શાળા સાફ કરાવો છો?' આવી રીતે ઓવર પ્રોટેક્ટ થયેલું બાળક મોટું થઇને બેકાર હશે તોય મહેનતના કામ કરતાં શરમાશે. આગળ કહી તે વાતમાં છોકરીના પિતાએ છોકરીને સમજાવવાની જરૂર હતી કે, 'શિક્ષકોના કરવા જેવા, કામ કરાય! આવા કામ માટે ઘરાર ના પાડી દેવી.' ઘણું બધું થઇ શકે પણ થતું નથી. પુસ્તકો બદલાય છે, પરીક્ષાઓ લેવાય છે પણ જીવનના પાઠ કયાં શીખવાનાં?

અને એટલે જ આજના યુવાનો દિશાવિહીન છે. ચાણક્ય માનતા, 'શિક્ષક ત્યારે ગૌરવશાળી બને છે જયારે રાષ્ટ્ર ગૌરવશાળી બને છે અને રાષ્ટ્ર ગૌરવશાળી ત્યારે બને છે જયારે તે જીવન મૂલ્યો અને પરંપરાઓનું નિર્વહન કરવામાં સક્ષમ અને સફળ બનશે. એ સફલ ત્યારે બનશે જયારે એક શિક્ષક પોતાનું ઉત્તરદાયિત્વ સારી રીતે નિભાવશે. અને શિક્ષક સફળ ત્યારે થશે જયારે તે પ્રત્યેક વ્યક્તિમાં રાષ્ટ્રીય ચરિત્રનું નિર્માણ કરવામાં સફળ થશે. જો વ્યક્તિ રાષ્ટ્રીયભાવ શૂન્ય છે તો તે શિક્ષકની અસફળતા છે અને આપણો અનુભવ સાક્ષી છેકે રાષ્ટ્રીય ચરિત્રના અભાવમાં દેશને અપમાનીય થવું પડ્યું છે.' - આ ન્યાયે પ્રત્યેક શિક્ષકે પોતાનામાં અને માત્ર શિક્ષક શા માટે પ્રત્યેક વ્યવસાયી કે જે આ દેશમાં પોતાની સેવા આપે છે તેમણે રાષ્ટ્રીય ભાવના અને મૂલ્યોનું સમ્માન કરવાની સાથે આપણી ભાવિ પેઢીનું ઘડતર અને માવજત કરવાની છે.

કબીરજી કહે છે કે -

"તૂં તાં કે ગૌરે મર્દાં રાં પરસ્તી
બગિર્દૈ કારે મર્દાં ગર્દવરસ્તી."

- એટલે કે તું પવિત્ર આત્માઓની સમાધિ પર કયાં સુધી ઉપાસના કરતો રહીશ? પવિત્ર આત્માઓનાં કાર્યો તું કર તો તું સુરક્ષિત થઇ જઇશ.

- તારી સ્વાતિ

# ઘર આવતાં જ રીમા એક નાનકડા ઘરમાં પ્રવેશી રાકેશ પણ તેને અનુસર્યો, ઘર નાનું અને સુખ-સગવડો વિહીન પરંતુ ચોખ્ખું હતું, દરેક ચીજ પોતાની જગ્યાએ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી, રીમાની પાછળ રાકેશ પણ અંદરના રૂમમાં પ્રવેશ્યો

## પરિવાર

- પદ્મા મિસ્ત્રી

'સાહેબ, તમને મળવા કોઈ બેન આવ્યા છે.'

હજુ તો રાકેશ કેબીનમાં પહોંચી ખુરશીમાં બેસવાની તૈયારી જ કરી રહ્યો હતો ત્યાં પાછળથી પટાવાળાનો અવાજ સંભળાયો.

અત્યારે કોણ... બેન હશે? અને શું કામ? રાકેશને નવાઇ લાગી.

એમને અંદર મોકલવાનું કહી રાકેશ ટેબલ પર પડેલી ફાઈલો સરખી કરવા લાગ્યો.

'રાકેશ, કેમ છે?' 'અચાનક કોઈ અજાણી સ્ત્રીને આમ સ્મિત સાથે પોતાની સામે ઊભલી અને એમાંય પોતાના નામથી સંબોધવી પ્રશ્ન પૂછતી જોઈને રાકેશને વધારે આશ્ચર્ય થયું.'

રાકેશ કંઈ બોલે કે જવાબ આપે તે પહેલાં જ 'કેમ ઓળખાણ ન પડી?'

બીજો પ્રશ્ન પૂછાઈ ગયો.

એકદમ ફિક્કા તેજહીન ચહેરાવાળી તથા કર્કશ અવાજવાળી આ સ્ત્રી કોણ હશે? મેં તો કયારેય એને જોઇ...

'હું.. હું રીમા દેસાઈ' પરિસ્થિતિ પામી જતા રીમા વચ્ચે જ બોલી ઊઠી.

'રી..મા.. તું?'

રીમાનું નામ સાંભળતાં જ રાકેશ ઊભો થઈ ગયો. એની નજર સમક્ષ પાંચ વર્ષ પહેલાંની કોલેજની સૌથી રૂપાળી રીમાનો ચહેરો દેખાવા લાગ્યો. કૉલેજના છેલ્લા વર્ષમાં પોતાની સાથે ભણતી અને પોતાની પ્રિયતમા રહી ચુકેલી રીમા આ દશામાં કેવી રીતે? વધુ વિચાર્યા વિના રાકેશે રીમાને બેસવાનો ઈશારો કર્યો અને બોલ્યો. બસ રીમા, આટલા વર્ષોમાં તું કયાં હતી? અને આજે આ દશામાં? શું થઈ ગયું તને? મેં તો તને ઓળખી પણ નહીં?

'મને કંઈ થયું નથી, રાકેશ જે થવાનું હતું એ તો પાંચ વર્ષ પહેલાં જ થઈ ગયું હતું. હવે તો જિંદગીએ જીવતા શીખવાડી દીધું છે.' રીમા બોલી.

'પરંતુ એ તો બતાવ કે આટલાં વર્ષો પછી કયાંથી ભૂલ પડી? અને લગ્ન કરી લીધા કે પછી?'

'ચાર વર્ષનો પુત્ર છે... રુંધાયેલા સ્વરે રીમા બોલી.'

'ઓહ... તો તે છેવટે લગ્ન કરી લીધા. તારા પ્રેમમાં દિવાનો હું આજેય કુંવારો ફરું છું. અને મને વિશ્વાસઘાત આપી કશું જણાવ્યા વિના તું કેમ ચાલી ગઈ હતી? તારે બીજા જોડે લગ્ન કરવાની ઈચ્છા હતી તો મને સાચું જણાવવું તો હતું ને?'

'... ને રીમાને જવાબ આપવાની જરૂર ન જમાઈ.'

'ખેર, જવા દે ભૂતકાળની આ બધી વાતો. એ બતાવ કે તારા સંસારમાં તું ખુશ તો છે ને? સંકોચ રાખ્યા વિના મને બતાવ. કદાચ હું કંઈ મદદ...'

'ના' વાત કાપતાં રીમાએ ટૂંકમાં પતાવ્યું.

'પણ રીમા, મેં તને લગ્ન માટેનું વચન આપ્યું હતું તો તારે મને જણાવવું તો હતું ને?' તારા લગ્ન ચાલી જવાથી મારી કેવી કફોડી હાલત થઈ ગઈ હતી.

'તને શોધવા માટે મેં કેટલો પ્રયત્ન પણ...'

'ખોટું બોલવાનું રહેવા દે રાકેશ' ન રહેવાતા રીમા બોલી ઊઠી. તેં મને કયારેક પ્રેમ કર્યો જ નહોતો કે મારા જવાથી તને કંઇ તકલીફ થાય. કૉલેજમાં છેલ્લા દિવસે મારી બર્થ-ડે હોવાથી તેં મને કહ્યું હતું કે હવે ટૂંક સમયમાં આપણે લગ્ન કરવાના જ છીએ તો આજની રાત આપણે કોઈ સારી હોટલમાં વીતાવીએ અને તું મને હોટલમાં લઈ ગયો હતો જયાં આપણે સાથે રાત વિતાવી હતી. મેં મારું સર્વસ્વ તને સોંપી દીધું હતું. તે પણ મને મન ભરીને પ્રેમ કર્યો હતો. એ બર્થડે પર તે આપેલી ગિફ્ટ મને જીવનભર યાદ રહેશે. આજે પણ એ ગિફ્ટને સાચવીને જીવી રહી છું.'

'મેં આપેલી ગીફ્ટ?' કંઇ ન સમજાતાં રાકેશ વચ્ચે બોલી ઊઠ્યો.

એ તને નહીં સમજાય કહી રીમા આગળ બોલી, 'સવારે જયારે મારી આંખ ખૂલી ત્યારે તું હોટલનાં રૂમમાં ન હતો પરંતુ બહાર ગેલેરીમાં ફોન પર કોઈની સાથે વાત કરતો સાંભળ્યો હતો. તું કોઈને બતાવી રહ્યો હતો કે તને મારી સાથે લગ્ન કરવામાં જરાયે રસ ન હતો. મારા શરીરને પામ્યા પછી તું મને છોડી દેવાનો હતો. મારા માટે આ અસહ્ય હતું. તને મળવાનો કંઈ અર્થ ન લાગતાં હું ચૂપચાપ રૂમમાંથી બહાર નીકળી અને હંમેશ માટે તને તથા આ શહેરને છોડીને ચાલી ગઈ. મને આશ્વાસન આપી પ્રેમનાં બે શબ્દો બોલી શકે એવા મા-બાપા તો મારે હતા નહિ એની તો તને ખબર જ છે. દૂરના મામાના ઘરે રહી મોટી થઈ હતી. કંઈ ન સમજાતા છેવટે એમના ઘરે પહોંચી પરંતુ થોડાક જ સમયમાં ખબર પડી કે મામા-મામી પણ ગમે તેની સાથે પરણાવી મારી જવાબદારીમાંથી છૂટવા માગતા હતા. જે વ્યક્તિને કદી પ્રેમ પણ ન કર્યો હોય એની સાથે જિંદગી જીવવા કરતાં મોત મને વધુ સરળ અને યોગ્ય લાગ્યું. આ સિવાય મારી સામે કંઈ વિકલ્પ પણ બચ્યો ન હતો. પરંતુ ભગવાનને પણ કદાચ એ મંજૂર નહતું. પાણીમાં ઝંપલાવવાની તૈયારી જ હતી ત્યાં એક આધેડ ઉંમરનાં એક પુરુષે આવી મને ખેંચી લીધી અને સમજાવી એમના ઘરે લઈ ગયા. મેં જરા પણ સંકોચ વિના મારી બધી જ આપવીતી એમને સંભળાવી અને તારો ફોટો પણ બતાવ્યો. પછી તો એ પુરુષે મને આદેશ આપી દીધો કે તારે બીજે કયાંક જવાનું નથી. અને મારી સાથે જ રહેવાનું છે. મેં પૂછ્યું કે 'દુનિયા શું કહેશે?' તો એના જવાબમાં એમને મને જણાવ્યું કે દુનિયાની ચિંતા કરવાની તારે જરાયે જરૂર નથી. લોકોનાં મહેણાં-ટોણાં સાંભળતાં - સાંભળતાં આજે પણ હું એમની સાથે રહી બાળકને ઉછેરી રહી છું.' કહી રીમા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

રાકેશ ઊભા થઈ પાણીનો ગ્લાસ રીમાને આપ્યો. પાણી પીધા પછી થોડી સ્વસ્થ થતાં રીમા બોલી, 'મેં મારી સમગ્ર આપવીતી તને કહી સંભળાવી પણ તું તારા વિશે તો કંઈ જણાવ.'

રીમા, પહેલાં તો તું મને માફ કરી દે. કારણ કે હું તારો સૌથી મોટો ગુનેગાર છું. તારી વાત બિલકુલ સાચી છે. હું ફક્ત તારા રૂપ પાછળ પાગળ હતો. તારી સાથે લગ્ન કરવામાં બિલકુલ રસ ન હતો. પરંતુ તારા ગયા પછી મને મારી ભૂલ સમજાઈ અને તને શોધવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ ઘણું મોડું થઈ ગયું હતું. મમ્મી તો મને નાનો મૂકીને જ ભગવાન પાસે ચાલી ગઈ હતી અને પપ્પાને મેં મારી ઈચ્છાથી છોડ્યા હતા. કારણ કે શરાબ અને જુગાર જેવી ખરાબ આદતો હતી. અને હવે તો એવું સાંભળવામાં આવ્યું છે કે તેઓ શબાબના પણ આદી બની ગયા છે. કોઈ સ્ત્રીને ઘરમાં રાખી એની પાછળ બધી કમાણી ખર્ચે છે. તેથી મેં એમનાંથી લક્ષ છોડી બધું ધ્યાન મારા બિઝનેશ પાછળ આપવા માંડ્યુ. આજે હું મારા બિઝનેશમાં સાચો સેટ થઈ સારી કમાણી કરી રહ્યો છું. સારું મકાન, સારું નામ અને સારી પોઝિશન મેળવી શક્યો છું. હા, એક વસ્તુની કમી છે. મારે પરિવાર નથી પરંતુ જિંદગી સાથે મેં સમાધાન કરી લીધું છે. આજે તને જોતાં જ ભૂતકાળની બધી વાતો તાજી થઈ ગઈ.

'રાકેશ, આટલાં વર્ષો પછી હું કેમ તારી આવી છું એ નહીં પૂછે?' અચાનક રીમાએ પ્રશ્ન કર્યો.

કદાચ, મારી ભૂલને રિયલાઈઝ કરાવવા? રાકેશે જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

'ના હું એવું કશું કરવા આવી નથી, પરંતુ તને એક એવી વસ્તુ આપવા આવી છું, જેની તારી જિંદગીમાં કમી છે.'

'એટલે? કંઈ ન સમજાતા રાકેશે પ્રશ્ન કર્યો.'

'તમે મારી સાથે ચાલો એટલે બધું સમજાઈ જશે.' કહી રીમા ઊભી થઈ મારે કયાં આવવાનું છે, કંઈ કહે તો ખબર પડે.' રાકેશે પુછ્યું.

'તમારે મારી સાથે મારે ઘેર આવવું પડશે.' રીમાએ કહ્યું.

'ઘરે...?'

'એમાં ગભરાવવાની કંઈ જરૂર નથી. બધું સમજાઈ જશે.' રીમા બોલી. ઈચ્છા હોવા ન છતાં રાકેશ રીમા સાથે જવા તૈયાર થયો.

ઘર આવતાં જ રીમા એક નાનકડા ઘરમાં પ્રવેશી રાકેશ પણ તેને અનુસર્યો. ઘર નાનું અને સુખ-સગવડો વિહીન પરંતુ ચોખ્ખું હતું. દરેક ચીજ પોતાની જગ્યાએ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. રીમાની પાછળ રાકેશ પણ અંદરના રૂમમાં પ્રવેશ્યો. પલંગમાં એક ઊંમરલાયક પુરુષ સુતો હતો. તેમની નજીક જઈ જોતાં રાકેશને તેના પિતાને ઓળખવામાં વાર ન લાગી. તે ખૂબ જ દુર્બળ, અશક્ત અને બિમાર લાગતા હતા. આંખો ઊંડી ઊતરી ગયેલી હતી. રાકેશ કંઈ પણ વિચાર્યા વિના એમની પાસે બેસી માથે હાથ ફેરવવા લાગ્યો. ઊંડી ઊતરી ગેયલી આંખોમાંથી આંસુનો ધોધ વહેવા લાગ્યો. આંખો ખોલી તેમણે રાકેશ સામે જોઈ હળવું સ્મિત કર્યું અને સદાને માટે આંખ મીંચી દીધી. રીમાએ પાસે આવી તેમના ઓશિકા નીચેથી એક કવર કાઢી રાકેશના હાથમાં મુક્યું અને બોલી, 'તમારા પપ્પાએ તમને આપવા કહ્યું હતું.' રાકેશ કવર ખોલી અંદર રહેલી ચિઠ્ઠી વાંચવા લાગ્યો.

બેટા, રાકેશ તે ભલે મને છોડી દીધો હતો પરંતુ મેં તને કયારેક દિલથી છોડ્યો કે ભૂલ્યો નહોતો, કારણ કે માવતર કયારેક કમાવત થતું નથી. હા, તારી માના મરી ગયા પછી દારુ અને જુગારની લત લાગી ગઈ હતી. એ સિવાય મેં કયારેક કોઈ ખોટું કામ કર્યું નથી. તું મને છોડીને ગયા પછી જિંદગીનો કોઈ અર્થ ન રહેતાં કંટાળીને મોતને ભેટવા તૈયાર થયો હતો, પરંતુ એ જ જગ્યાએ આપઘાત કરવા આવેલી રીમાને બચાવી અને એની આપવીતી સાંભળી તથા એની પાસે રહેલો તારો ફોટો જોતાં સમજાઈ ગયું કે એની જિંદગી બગાડનાર બીજું કોઈ નહીં પરંતુ મારું પોતાનું જ લોહી છે ત્યારે એ અભાગી દીકરી માટે આજે જીવવાની ફરી એકવાર ઈચ્છા થઈ આવી. આજથી બે વર્ષ પહેલાં મારી એક કીડની બગડી જતાં રીમાએ એની એક કીડની આપી મને જીવંતદાન આપ્યું હતું. પરંતુ હવે વધુ જિવાય એવું લાગતું નથી. તેથી મેં રીમાને બધી હકીકત જણાવી દીધી અને મેં જ તેને તારી પાસે તને લેવા મોકલી હતી અને મારા મરી ગયા પછી આ કવર તને આપવા કહ્યું હતું. જેથી તારી ગેરસમજ દૂર થાય.

'બેટા, આજે પણ રીમા મારી દીકરી સમાન છે એના ખોળામાં રહેલો 'વંશ' એ તારી ભૂલનું પરિણામ એવો આપણો જ 'વંશ' છે. બેટા એને અપનાવી લેજે.

- તારા પિતા

પત્ર પૂરો થતાં રાકેશ પિતાને બાથ ભરી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. થોડીક વારમાં કંઈક યાદ આવતાં તેણે ઊંચે જોયું તો અંધારામાં દૂર પુત્રને તેડી રીમા દૂર દૂર જતી દેખાઈ. અને અદૃશ્ય થઈ ગઈ. તે દોડ્યો પણ ફરીથી તે મોડો પડ્યો. રીમા ફરી એકવાર તેને છોડીને ચાલી ગઈ હતી.

# મારે થોડા લાભ માટે આટલી મોટી હાનિ નથી સહન કરવી, મારો ભગવાન જયારે ઈચ્છશે ત્યારે મારું કાર્ય આપોઆપ થઈ જશે

## શ્રદ્ધાનું બળ

- અનંત ન. વ્યાસ

પંડ્યા સાહેબનું વતન અમદાવાદ, ઘણા લાંબા સમયથી તેઓ કચ્છમાં હતા. ઘર-સંસાર અમદાવાદ, સામાજિક જવાબદારીઓ પણ ત્યાં. દીકરા-દીકરીના લગ્નના પ્રસંગોનો સમય આવ્યો. તેથી પોતાની બદલી અમદાવાદ થાય તેવા પ્રયત્નો કરતા હતા. પંડ્યા સાહેબ જૂની પેઢીના ને પાછા સ્વામી - સંપ્રદાયમાં માનનારા એટલે અમલદારોને રાજી કરવાને બદલે ભગવાનને રાજી કરવામાં માને છે. જો ભગવાન ઇચ્છે તો તુરંત બદલી થાય. માટે પ્રભુને રોજ પ્રાર્થના કરવાની. પ્રાર્થના માટે રોજ મંદિર આવી પ્રભુની સમક્ષ ઊભા રહી માળા ફેરવે. રોજની પચ્ચાસ માળા કરવાનો નિયમ રાખેલો.

લગભગ એકાદ માસથી પંડ્યા સાહેબનું અનુષ્ઠાન ચાલે. અમને સૌને આ ખબર.

એક વખત વાતચીત દરમિયાન કચ્છના એક ભાઇ કહે, પંડ્યા સાહેબ, તમે હાજીપીરની માન્યતા રાખો. કચ્છમાં હાજીપીર જાગતા પીર મનાય છે. તેની માનતા તુરત ફળે છે અને માનતામાં માત્ર હાજીપીરની યાત્રા કરવાની તમને ગમે તે રીતે, ને મઝાર પર નાળીયેર વધેરવું... બસ જુઓ, પંદર દિવસમાં તમારી બદલી થઇ જશે. હાજીપીર જીવતા જાગતા પીર મનાય છે. અને પછી તેઓએ થોડા જાણીતા - થોડા અજાણ્યા ઘણા ચમત્કારના દાખલા પણ આપ્યા.

ભાઇની વાત થોડા વજૂદવાળી તો હતી. કચ્છ તથા સૌરાષ્ટ્ર બંનેમાં હાજીપીરની માનતા ચાલે છે. પદયાત્રા પણ કરાય છે ને નવા નવા ચમત્કારોની કથાઓ ઉમેરાતી જાય છે. એટલે સામાન્ય વ્યક્તિ તો તુરત પ્રલોભનમાં પડે પણ પંડ્યા સાહેબ સામાન્ય ન હતા. તેણે થોડીવાર વિચાર કર્યો પછી કહે, જુઓ ભાઇ, કદાચ હાજીપીરની માનતા ફળતી હશે... અને માનો કે હું માનતા માનું ને પછી મારી બદલી પણ થાય તો શું થાય ખબર છે? 'બસ હાજીપીરની યાત્રા કરી અમદાવાદ પહોંચી જવાનું,' પેલા ભાઇએ જણાવ્યું.

'ના એ તમે માનો છો તેટલું સહેલું નથી. પછી મને મારા કુળદેવ ઉપરની શ્રદ્ધા ઊઠી જાય. ઘરના સારામાઠા પ્રસંગો પર મળતી હૂંફ તથા આશ્વાસન ટળી જાય. જયારે જયારે હું મારા દેવની પૂજા કરવા બેસું ત્યારે મનમાં શંકાઓ થાય. મારું ચિત્ત મારા દેવની પૂજામાં ન લાગે. શ્રદ્ધા તૂટે એટલે નિયમો તૂટે. ઘરના સંતાનો સૌ સ્વચ્છંદી બને. ખાનપાનની ચુસ્તતા તથા પવિત્રતા ન જળવાય. જીવનમાં નીતિમયતા ને પ્રામાણિકતાનો નાશ થાય. જે દેવ આટલી પ્રાર્થના પછી કંઇ આપી નથી શકતા તે બગાડી પણ શું શકવાના? તેવા ભાવો કુટુંબમાં ફેલાય.' પરિણામે અધઃપતન થાય. ના ભાઇ, મારે થોડા લાભ માટે આટલી મોટી હાનિ નથી સહન કરવી. મારો ભગવાન જયારે ઇચ્છશે ત્યારે મારું કાર્ય આપોઆપ થઇ જશે.

પંડ્યા સાહેબની વાત સૌને સ્પર્શી ગઇ. આપણા નાના નાના સ્વાર્થ માટે ઘણીવાર આપણે કુળદેવ પરત્વે અશ્રદ્ધાના ભાવે જોઇએ છીએ. પરિણામે આપણે જે ઇચ્છીએ તે પ્રાપ્ત થતું નથી. વાત હાજીપીર ન હોય કે સ્વામી ભગવાનની. પાયાની તો આપણી પોતાની શ્રદ્ધા તથા ભાવના જ ફળે છે. પંડ્યા સાહેબની ભાવના પણ થોડા - દિવસમાં ફળી. તેની ઇચ્છીત જગા પર ટ્રાન્સફર થઇ ગઇ... ખરેખર શ્રદ્ધા ફળી...